તું સવાલો આંખથી જો પૂછશે.
તો મને ક્યાંથી જવાબો સૂઝશે?

રેશમી અહેસાસનો આ તાંતણો,
ખેંચવા જાશું વધુ તો તૂટશે.

કલ્પના તારી કરું તો થાય કે,
શ્વાસ દિલની વાંસળીમાં ફૂંકશે.

જે નથી નમતું જગતમાં કોઈને,
એ હૃદય તારી કને તો ઝૂકશે.

પ્રેમનો સજ્જડ પુરાવો થઈ જશે,
જેટલી વેળા વધુ તું રૂઠશે.

આપણે સામાં મળ્યાં તો શક્ય છે,
એક ધબકારો હૃદય પણ ચૂકશે.

માવજત થોડી ‘અગન’ થઈ જાય તો,
આપણી આંખોમાં સપનાં ઊગશે.

◆

હું અચાનક સાંભરું એવું બને.
કે હૃદયમાં ઝળહળું એવું બને.

નામ મારું હોય તારા હોઠ પર,
ત્યાં જ હું સામે મળું એવું બને.

જ્યાં સુધી તારી નજરનો વ્યાપ હો,
હાજરીમાં હું રહું એવું બને.

શ્વાસની ઉપમા અપાતી હોય ત્યાં,
નામ હું તારું લખું એવું બને

હોઠ પર લાવ્યો નથી જે વાત હું,
આંખથી એ કહી શકું એવું બને.

વાદળાંઓ જોઈને આકાશમાં,
હું અહીં વરસી પડું એવું બને.

કોઈ કિસ્સો શેરમાં ગૂંથી 'અગન'
ભીતરે હું ખળભળું એવું બને.

◆

આંખથી કોઈ ઈશારો થઈ શકે,
તો ઘણી વાતે ખુલાસો થઈ શકે.

દઈ શકે થોડો સહારો રાત તો,
ચાંદ જેવો ચાંદ મારો થઈ શકે.

એ બીકે મેં ધ્યાન આપ્યું છે સતત,
એ ખુદા છે એ બધાનો થઈ શકે.

લાગતી સામાન્ય આજે એ પળો,
આવતીકાલે ખજાનો થઈ શકે.

ચાલવાની હામ સાચી હોય તો,
કોઈ પણ રસ્તો મજાનો થઈ શકે.

બોલવાનું એટલે કહું છું તને,
રોગ જાણીને દવાઓ થઈ શકે.

ફૂલ પર કબ્જો ‘અગન’ થઈ જાય પણ,
મહેક પર કોનો ઇજારો થઈ શકે?

મોઘમ હતો છતાંય ઈશારો જડી ગયો.
મનમાં હતી એ વાતનો તાળો મળી ગયો.

એવી પળોમાં એમના દીદાર થઈ ગયા,
માળા રહી ન હાથમાં, મણકો સરી ગયો.

નહીંતર કદાચ આંખનું એ નૂર થઈ જતે,
એની નજર હટી ને સિતારો ખરી ગયો.

કેવું હતું નસીબ કે મંઝિલની રાહમાં,
ડગલાં ભર્યાં બે-ચાર ત્યાં નકશો ફરી ગયો.

નડવાની વાત હોત તો પોતે હટી જતે,
વાંધો મને છે એ જ કે રસ્તો હટી ગયો

તારા વિરહના રંગને ઓઢ્યો હતો અમે,
કોને ખબર છે ક્યારથી ભગવો ભળી ગયો.

છલકી રહ્યો છે એક સમંદર જે આંખમાં,
એમાં જ ક્યાંક સૂર્ય અમારો ઢળી ગયો.

◆

પીડા પામે અગર તો પણ ખતાનો વાંક કાઢે છે.
પ્રણય સાચો કરે એ ક્યાં બીજાનો વાંક કાઢે છે.

જે ડાળે ખીલવ્યા છે એમને દે દોષ કઈ રીતે?
ફૂલો એથી ખરે ત્યારે હવાનો વાંક કાઢે છે.

સ્વયંના દોષ જોવાની નથી હિંમત રહી એથી,
જગતના લોક આફતમાં ખુદાનો વાંક કાઢે છે.

સફાઈ લાખ આપું કે વિખેરાયો છું મરજીથી,
પરંતુ ભાવ ચહેરાના દશાનો વાંક કાઢે છે.

ખુલાસા વાત-વાતે મેં દીધા એ ભૂલ છે મારી,
હકીકતમાં જમાનો તો બધાના વાંક કાઢે છે.

નથી જીભાન એને એટલે વાંધો નથી કોઈ,
નહીં તો આંખનાં આંસુ ઘણાંનો વાંક કાઢે છે.

કહે છે રોજ તું કે શોખથી ગઝલો લખું છું પણ.
‘અગન’ તારી ગઝલ તો વેદનાનો વાંક કાઢે છે

◆

ભાગ્યનો આભાર માની ના શક્યો.
હું કદીયે હાર માની ના શક્યો.

માન્ય રાખ્યાં મેં નિદાનો દર્દનાં,
બસ કોઈ ઉપચાર માની ના શક્યો.

હું બધીએ વાતમાં સહમત હતો,
તોય આ સંસાર માની ના શક્યો.

જેમણે દીધાં મને સંભારણાં,
એમનો ઉપકાર માની ના શક્યો.

ક્યાંક મેં માની નહીં કંઈ વેદના,
ક્યાંક આ કિરતાર માની ના શક્યો.

હું હજી એ વાતથી હેરાન છું,
એ મને દિલદાર માની ના શક્યો.

એ રીતે એણે કરી વાતો 'અગન'
હું સ્વયં પળવાર માની ના શક્યો.

◆

તું અટવાયો જ્યારે હાં ને ના વચ્ચે,
નૌકા મારી થંભી ગઈ દરિયા વચ્ચે.

તારી જગ્યા સંભાળીને રાખી છે,
મારી ગઝલોના સઘળા મિસરા વચ્ચે.

જે દહાડાથી ઈશ્વર વિશે જાણ્યું છે,
હું ઊભો છું શ્રદ્ધા ને શંકા વચ્ચે.

કોઈ પળે એવું સૂઝ્યું કે ઊભા થઈ,
રાખી દીધો દીવો મેં ઝંઝા વચ્ચે.

મળવાનું આ તારી–મારી આંખોનું,
જાણે કોઈ સેતુ બે કાંઠા વચ્ચે.

તારી–મારી વચ્ચે એવી ચાહત છે,
જે રીતે હો દોરો બે પારા વચ્ચે.

કેમ તને સમજાવું? કેવું હોય ‘અગન’
બેસી રહેવું ઉંબરમાં ફડકા વચ્ચે.

◆

ક્યાં તને કેવળ છબીમાં જોઉં છું?
હું તો આખી જિંદગીમાં જોઉં છું.

તું ન સામે જો એ તારો પ્રશ્ન છે,
હું તને હર બંદગીમાં જોઉં છું.

એ બધાં સપનાં હવા થઈ જાય છે,
જેમને હું રોશનીમાં જોઉં છું.

માત્ર ચહેરો કાચમાં જોતો નથી,
હું બીજું કંઈ ખાનગીમાં જોઉં છું.

એ વધારે સત્યથી નજદીક છે,
જે જગત હું આરસીમાં જોઉં છું.

શું બીજું તારી પ્રતીક્ષામાં કરું?
સો ઘડી હું બે ઘડીમાં જોઉં છું.

પાંપણો મટકું નથી ભરતી 'અગન'
જે પળે તારી ગલીમાં જોઉં છું.

◆

પ્રેમની જ્યાં આવ-જા ઘેરી બને,
મારું સરનામું જ એ શેરી બને.

એકવેળા જોઈ લેવું જોઈએ,
થાય શું? જો આ જગત વેરી બને.

છે સમંદર જેમ અહીંયાં માણસો,
મોજમાં આવ્યા પછી લહેરી બને.

વાંસળી મારામાં ક્યાંથી સંભવે?
હાં, મને વીંધો તો રણભેરી બને.

દોસ્તની નારાજગીથી બીક શું?
પ્રાણવાયુ કોઈ દી' ઝેરી બને?

એ ઇરાદે હું નથી શાયર થયો,
ક્યાંક મારા નામની દેરી બને.

એ છબીની વાત નોખી છે 'અગન'
આંખમાં જે રોજ આછેરી બને.

માળીની ટેક છે કે ખુદાની કમાલ છે?
ફૂલોમાં બેશૂમાર જવાની કમાલ છે.

આ તાજગી બીજા તો કોઈ કારણે નથી,
થોડીક ઊંઘ, થોડી ઉષાની કમાલ છે.

મારાં કરમ તો કેમ સલામત કરે મને?
લાગે છે કોઈ ખાસ દુવાની કમાલ છે.

પગલાંની છાપ જોઈને અહેસાસ એ થયો,
મૌસમ જતાં જતાંય સુહાની કમાલ છે.

ચહેરો ઉદાસ, હોઠ ઉપર સ્મિત લઈ ફરે,
એ શખ્સનાં નયનમાં કહાની કમાલ છે.

મારી આ દુર્દશાનું સબબ એકલો નથી,
શમણાં, નસીબ, શાખ, બધાની કમાલ છે.

આખા જગતનું એક નિવેદન બને 'અગન'
મારી ગઝલ, જે કોઈ વ્યથાની કમાલ છે.

◆

આ ગઝલનું મૂળ તારું દર્દ છે.
હું નહીં, વ્યાકુળ તારું દર્દ છે.

તું ગણે છે ફૂલ તારી જાતને,
તો પછી આ શૂળ તારું દર્દ છે.

ક્યાંક મુશ્કેલી સમું લાગે મને,
ક્યાંક સાનુકૂળ તારું દર્દ છે.

જો મને હું શ્યામ ધારું બે ઘડી,
તો અહીં ગોકુળ તારું દર્દ છે.

તેં દીધું છે તો વિચારું શું પછી?
સૂક્ષ્મ છે કે સ્થૂળ તારું દર્દ છે.

જે તને દેખાય મારી આંખમાં,
એ નથી કંઈ ધૂળ તારું દર્દ છે.

કેન્દ્રબિંદુ જેમ હું ઊભો 'અગન'
ચોતરફ વર્તુળ તારું દર્દ છે.

◆

મારું હૈયું જ્યારે મારી પીડા લખશે,
કાગળમાંથી ધીમે ધીમે લોહી ટપકશે,

અર્થોનાં સો ફૂલ બરાબર મારી ગઝલો,
અક્ષર અક્ષર ઓગળશે તો અત્તર બનશે.

એવી બીકે આંખોને કાબૂમાં રાખી,
ઝાઝાં સપનાં ભેળાં થઈને આંસુ ઝણશે,

સો જૂગનું ઊડે તો એમાં મારે શું છે?
હું તો વાટે બેઠો છું કે તારો ખરશે.

ખાલીપો કાયમ જે ખખડે છે છાતીમાં,
ધીમે ધીમે એનું કોઈ જંતર બનશે.

ચાલું છું ખુશબૂની પાછળ એવી આશે,
આગળ જાતાં સ્પર્શોનું સરનામું મળશે.

યાદ 'અગન' આવી જાશે એ ખ્યાલ હતો,
એવી જાણ ન'તી કે એ ચૂંટી ખણશે.

◆

પ્રસંગો જિંદગીના હાડ જેવા,
મને લાગ્યા કરે રંજાડ જેવા.

તમારી આંખના મોઘમ ઇશારા,
હતા ધોળે દહાડે ધાડ જેવા.

હવાની જેમ હું વહેતો રહું છું,
અને તારાં સ્મરણ છે ઝાડ જેવાં.

હતું વાતાવરણમાં મૌન એવું,
કે ટહુકા પણ જણાતા રાડ જેવા.

પ્રથમથી જોઈ લે કષ્ટો એ મારાં,
મને મિત્રો મળ્યા છે તાડ જેવા.

તમે છણકા કર્યા જે વાતવાતે,
ગણ્યા એ પણ અમે તો લાડ જેવા.

પુરાણા એક-બે કિસ્સા હજીયે,
'અગન' લાગે છે ધોરી નાડ જેવા.

◆

આવતા આવી ગયો એવું નથી.
કે સમય વીતી ગયો એવું નથી.

જિંદગી પોતે જ શીખવે છે બધું,
હું કશું શીખી ગયો એવું નથી.

ના મળ્યું કંઈ ઝેરના વિકલ્પમાં,
એટલે હું પી ગયો એવું નથી.

છે હજી તરણા સમું કંઈ હાથમાં,
સાવ હું ડૂબી ગયો એવું નથી.

યાદનો ઉલ્લેખ નહોતો મેં કર્યો,
દોસ્ત! હું ભૂલી ગયો એવું નથી.

છે ભરમ કોઈ હજીયે આંખમાં,
સાવ એ છૂટી ગયો એવું નથી.

જિંદગી જીવું છું ટુકડામાં 'અગન'
એ છતાં તૂટી ગયો એવું નથી.

◆

આંખો સામે એક સમંદર રાખું છું.
યાને કે હું કંઈક બવંડર રાખું છું.

દોસ્ત! ધુરંધર જેવું છે હૈયું મારું.
ઝખ્મો પણ એવા જ ધુરંધર રાખું છું.

સાબિતી શું આપે મારા ખાલી હાથ?
હું પણ ખુદમાં એક સિકંદર રાખું છું.

મેં તો ખાલી એમ જ સામે જોયું છે,
હું ક્યાં કોઈ જંતર-મંતર રાખું છું.

ધૂણા જેવી દુનિયાને ધખધખવા દઈ,
હું પોતાને મસ્ત કલંદર રાખું છું.

જેવાં તે ત્સુનામી જોયાં ટીવીમાં,
એવાં કૈંક હું મારી અંદર રાખું છું.

એ તો કેવળ એને એવું થાય 'અગન'
તમને લાગે છે કે અંતર રાખું છું?

# આયના સામે

કદી આંખો, કદી આંસુ, કદી ઝાંખી શકલ કહેશે.
નથી કીધું કદી મેં એ બધું મારી ગઝલ કહેશે.

અભિવ્યક્તિ કરો કિન્તુ ચીવટ પણ જોઈએ એમાં,
નહીં તો આ જગતના લોક એને પણ નકલ કહેશે.

મુલવણીનો બધો આધાર હોવાનો જરૂરત પર,
વધારે લાગણીને પણ અહીં કોઈ દખલ કહેશે.

સતત એવી રીતે કરતો રહું છું કલ્પના તારી,
મને જોનાર સૌ મારી દશાને ગડમથલ કહેશે.

ખતા ખાધી હશે એવા જ લોકો આવશે સામે,
બીજું તો કોણ સાચું પ્રેમના દાવા બદલ કહેશે.

મનોબળ એટલું છે કે સફરના થાક બાબત પણ,
ચરણ મારાં નહીં કિન્તુ કપાયેલી મજલ કહેશે.

પરિશ્રમથી અમે વાવી દીધાં છે બીજ ધરતીમાં,
અમારાં ભાગ્યમાં છે શું? 'અગન' એ તો ફસલ કહેશે.

◆

આગળ વધી કે વાત હજી ત્યાં ને ત્યાં જ છે?
આવ્યો નથી જવાબ હજી ત્યાં ને ત્યાં જ છે?

પાછળ ફરીને જોયું પ્રસ્થાન સ્થાન પર,
મારી બધી નિરાંત હજી ત્યાં ને ત્યાં જ છે?

વૃક્ષો નવાં તો ખૂબ ઉગાડ્યાં છે શહેરમાં,
સૂનકાર એ છતાંય હજી ત્યાં ને ત્યાં જ છે?

એ પણ ખબર નથી રહી તારા વિચારમાં,
કે દિન ગયો કે રાત હજી ત્યાં ને ત્યાં જ છે?

અળગા થયા તો દોસ્ત! એ અહેસાસ થઈ ગયો,
તારા તરફ લગાવ હજી ત્યાં ને ત્યાં જ છે?

નીકળી ગયો છે તું જ હવા થઈને બાથથી,
મારા તો બેઉ હાથ હજી ત્યાં ને ત્યાં જ છે?

એનો અમલ જો થાય તો દુનિયા મળે ‘અગન’
કિન્તુ બધાંય ખ્વાબ હજી ત્યાં ને ત્યાં જ છે?

◆

તૂટી પડું છું રોજ ને રોજે ચણાઉં છું.
તો પણ મજાની વાત કે જીવતો જણાઉં છું.

'જીવન નદી સમાન છે' કો'કે કહ્યું મને,
લાગ્યા કરે છે ત્યારથી કે હું તણાઉં છું.

ધીમી ગતિ છે એટલે જોયે નહીં જણાય,
કાયમ સમયનાં તીરથી કેવો હણાઉં છું!

અડધું નગર તો ઓળખે તારા થકી મને,
અડધાં નગરમાં આમ પણ પાગલ ગણાઉં છું.

તારાં સ્મરણને તંગ મેં એથી કહ્યાં 'અગન'
દોરાની જેમ ક્યાંક હું એમાં વણાઉં છું.

એટલે સૌની નજરમાં ફાળ છે.
મૌન પણ મારું બહુ વાચાળ છે.

કઈ દિશા લેવી હવે ને કઈ રીતે?
જ્યાં કદમ માંડું ત્યાં ચડતો ઢાળ છે.

છે હથેળીમાં ખરેલું પાંદડું,
ને નજર સામે નમેલી ડાળ છે.

કાંકરી જેવી છે મારી જિંદગી,
ને મળ્યો એ માર્ગ પણ રેતાળ છે.

જીવને ટાઢક વળી એ વાતથી,
આંખ એની આજ પણ પ્રેમાળ છે.

આજ દરિયો ઘૂઘવે છે મૌનનો,
આજ પાછો અંતરે ઉછાળ છે.

નામ તારું હોઠ પર આવ્યું 'અગન'
ત્યારથી દિલમાં સતત જુવાળ છે.

પ્રીતનું પરમાણ દેવું હોય તો,
આવ તું નજદીક એવું હોય તો.

છોડ એ ચર્ચા કે હું બોલ્યો નહીં,
તું કહે જો કૈંક કહેવું હોય તો.

પ્રેમથી સારી કોઈ જગ્યા નથી,
એકધારું દર્દ સહેવું હોય તો.

મિત્રતા નિભાવવાની વાતમાં,
હુંય છું જો નામ લેવું હોય તો.

તું વચન આપે છે એ શું કામનું?
આ રીતે જો દૂર રહેવું હોય તો.

તાકડે કોઈ ખભો મળતો નથી,
આંખને ક્યારેક વહેવું હોય તો.

સૌ વિચારે અન્યને જોઈ 'અગન'
કાશ! મારે એના જેવું હોય તો.

◆

તૃણ છું ને તાપણાંની બહાર છું.
હું બધીયે ધારણાની બહાર છું

તું જુએ ઘરમાં એ જુદી વાત છે,
હું ખરેખર બારણાંની બહાર છું

શું કહું? મારી દશાની વારતા,
છોડ છું ને ખામણાંની બહાર છું

છાંયડો દેવા થવું છે વૃક્ષ પણ,
હું તમારા આંગણાની બહાર છું

કૈંક હોવી જોઈએ દીવાનગી,
હું હજી હોવાપણાની બહાર છું

ક્યાંક એવી જાત મેં બાંધી હતી,
કે હવે હર તાંતણાની બહાર છું

એમના જગથી નથી છેટો 'અગન'
માત્ર હું સંભારણાંની બહાર છું.

◆